©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVI] FRIDAY, 14th NOVEMBER, 2025/KARTIKA 23, 1947 [No. 39

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-I EXTRAORDINARY

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ દ્વારા

ભાગેડુ (ફરારી) જાહેર કર્યા અંગેનું જાહેરનામુ

(જુઓ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૮૪)

વંચાણે લીધા :

(૧) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૮૪.

(૨) અત્રેના તારીખ : ૨૮-૦૪-૨૦૨૫ ના હુકમ ક્રમાંક : મજસ/વશી/૨૮૫/૨૦૨૫.

(૩) અત્રેના તારીખ : ૧૧-૦૫-૨૦૨૫ ના હુકમ ક્રમાંક : મજસ/જામીન, મુચરકા/૦૫/૨૦૨૫.

(૪) પોલીસ ઈન્સ્પેકટરશ્રી થાનગઢના તારીખ : ૧૨-૦૫-૨૦૨૫ ના જાવક નંબર : ૧૫૩૩/૨૦૨૫.

જાહેરનામું

ક્રમાંક : ફોજદારી/વશી/૩૬૧/૨૦૨૫.-**ઈસમો (૧) રણુભાઈ દાનાભાઈ અલગોતર રહે. જામવાળી તાલુકો : થાનગઢ જિલ્લો : સુરેન્દ્રનગર તથા (૨) વિજયભાઈ રણુભાઈ અલગોતર રહે. જામવાળી તાલુકો : થાનગઢ જિલ્લો : સુરેન્દ્રનગર** ગેરકાયદેસર પોતાના આર્થીક ફાયદા સારૂ મારા હકુમત વિસ્તારના થાનગઢ તાલુકાના મોજે. જામવાળીના સર્વે નંબર ૧૧૧ વાળી જમીનમાં ગેરકાયદેસર કોલસાનું ખનન કરી, મોટા પ્રમાણમાં ગેરકાયદેસર ખનિજ ચોરી કરી જાહેર સંપતિને નુકશાન પહોચાડી રહયા હોવાથી અમોને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ ૧૨૯, ૧૩૦ મુજબનો હુકમ કરી કલમ ૧૩૨ મુજબ મળેલ સત્તાની અન્વયે તારીખ : ૨૮-૦૪-૨૦૨૫ ના રોજ સમન્સ ઈસ્યુ કરવામાં આવેલ.

પરંતુ આ તે ઈસમો આવી ગેરકાયદેસર પ્રવૃતિઓ બંધ ન કરી પુનઃસરકારી સર્વે નંબર ૭૧, ૭૨, ૭૩, ૭૮ વાળી જમીનમાં ખુબ જ મોટા પાયે ગેરકાયદેસર સફેદ માટી તેમજ સેન્ડસ્ટોનનું ખનન કરી, મોટા પ્રમાણાં ગેરકાયદેસર ખનિજ ચોરી કરી જાહેર સંપતિને નુકશાન પહોચાડી રહયા હોવાથી, આવુ કૃત્ય કરવા અટકાવવા તેમને અત્રેની ટીમ દ્વારા અટકાવતા ઉકત બંને આરોપીઓ તેઓનું હિટાચી મશીન તેમજ પાટલો (હિટાચીનું વહન કરતો ટ્રક) લઈ, કર્મચારીઓ સાથે માથાકુટ કરી નાશી જઈ ફરજમાં રૂકાવટ કરેલ છે. આમ, ઉકત બંને ઈસમો ખુબ જ મોટા

પ્રમાણમાં ખનિજ ચોરી કરી જાહેર સંપતિને ખુબ જ મોટા પ્રમાણમાં નુકશાન પહોચાડતા હોય, અને આવી ગેરકાયદેસર પ્રવૃતિઓ સતત ચાલુ રાખેલ છે, તેની આવી ગુનાહીત અસામાજીક પ્રવૃત્તિ જાહેર વ્યવસ્થાને જાળવણીમાં બાધકરૂપ હોય ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ ૧૨૯, ૧૩૦ મુજબનો હુકમ કરી કલમ ૧૩૨ થી અમોને મળેલ સત્તા અન્વયે તારીખ : ૧૧-૦૫-૨૦૨૫ ના રોજ વોરંટ ઈસ્યુ કરવામાં આવેલ.

જે વોરંટની અમલવારી માટે સતત પ્રયત્ન કરતા પોલીસ ઈન્સ્પેકટરશ્રી થાનગઢના તારીખ : ૧૨-૦૫-૨૦૫ ના સંદર્ભ ૪ વાળા અહેવાલ પરથી અમોને એમ માનવાને કારણ છે કે, તે બંને ઈસમો ફરાર થઈ ગયેલ છે અથવા છુપાતા ફરે છે અને એવી રીતે છુપાતા ફરે છે કે, તે વોરંટની અમલવારી કરી શકાતી નથી. જેથી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ ૮૪ થી અમોને મળેલ અધિકારો અન્વયે સદરહુ **ભાગેડુ (ફરારી) વ્યકિતઓ (૧) રણુભાઈ દાનાભાઈ અલગોતર રહે. જામવાળી તાલુકો : થાનગઢ જિલ્લો : સુરેન્દ્રનગર તથા (૨) વિજયભાઈ રણુભાઈ અલગોતર રહે. જામવાળી તાલુકો : થાનગઢ જિલ્લો : સુરેન્દ્રનગરને** આ હુકમની તારીખથી ૩૦ (ત્રીસ) દિવસ એટલે કે તારીખ : ૦૧-૦૭-૨૦૨૫ ના રોજ બપોરના ૧૨-૦૦ કલાક સુધીમાં અત્રેની કોર્ટ સમક્ષ હાજર થવા આદેશ કરવામાં આવે છે.

ઉકત બંને ઈસમો (૧) રણુભાઈ દાનાભાઈ અલગોતર રહે. જામવાળી તાલુકો : થાનગઢ જિલ્લો : સુરેન્દ્રનગર તથા (૨) વિજયભાઈ રણુભાઈ અલગોતર રહે. જામવાળી તાલુકો : થાનગઢ જિલ્લો : સુરેન્દ્રનગર **આ હુકમનું પાલન ઉપરોકત નિર્દિષ્ટ સમયમાં ના કરે તો ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ ૮૫ મુજબ ફરારી (ભાગેડુ) ની મિલકત જપ્તિ કરવા માટેની કાર્યવાહી કરવામાં આવશે.**

આજ તારીખ : ૦૧ માહે. જુન, સને. ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટની મુદ્રા સાથે આ જાહેરનામું બહાર પાડવામાં આવ્યુ.

ચોટીલા, ૦૧ માહે જુન, સને ૨૦૨૫.

એચ. ટી. મકવાણા (GAS)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
ચોટીલા સબ ડીવીઝન

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2025.11.25 11:08:24 IST